પ્રતિ, ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૩/૧૮-૧૯/ 4440 તારીખ : 1 OCT 2018

કેસ ન. ૮૩/૧૮-૧૯.

પ્રતિ,
શ્રી વરજાગભાઈ ઝવેરભાઇ કાનોતરા,
પઢારવાસ નવી વસાહત,
મુ. પરાલી, તા. લીંબડી,
જી. સુરેન્દ્રનગર.
મો :

**વિષય : હયાત વીજ જોડાણના પાવર સપ્લાય તથા બિલિંગ બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા. ૧૬.૦૭.૧૮. અત્રેની કચેરીને મળ્યા તા. ૩૦.૦૭.૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૩/૧૮–૧૯/૩૫૦૩ તા.૦૩.૦૮.૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૩/૧૮–૧૯/૩૭૪૬ તા.૨૧.૦૮.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૩૧/૦૮/૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( એમ.પી. સોલંકી )
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણઃ– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, ગ્રામ્ય લીંબડી.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૮૩/૧૮-૧૯** ☜

વાદી :– શ્રી વરજાગભાઈ ઝવેરભાઇ કાનોતરા

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખઃ– ૩૧/૦૮/૨૦૧૮** ◈

હાજર રહયા :– શ્રી વરજાગભાઈ ઝવેરભાઇ કાનોતરા (પોતે)

પ્રતિવાદી :– શ્રી ખાંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી વરજાગભાઈ ઝવેરભાઇ કાનોતરા, રહે. પરાલી , તા. લીંબડી, જી. સુરેન્દ્રનગર ની વીજ કનેક્શનના પાવર સપ્લાઈ તથા બિલિંગ બાબતનીની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૩/૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૮૩/૧૮-૧૯ /૩૫૦૩ તા. ૦૩.૦૮.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. ૩૧.૦૮.૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ જેમાં વાદી હાજર રહેલ. તથા પ્રતિવાદી શ્રી ખાંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમારા ઉપરોક્ત સરનામાની જગ્યાએ લીધેલ વીજ જોડાણમાં નીચે મુજબના કારણે વીજ વિક્ષેપ ઉભો થયેલ છે.જે નિવારવા આપને વિનંતી સહ અરજ છે.

૧.૨ સદર ખામી નિવારવા બાબતે આપના નિયમોનુસાર જે કઈ ચાર્જ ભરવાનો થશે તે અમો ભરપાઈ કરવા સહમત છીએ. જેથી અમારા ઉપરોક્ત મુજબના વીજ જોડાણની નીચે મુજબની વીજ વિક્ષેપની ફરિયાદ નિવારવા આપને વિનંતી સહ અરજ છે. આ સાથે લાઈટ બીલની નકલ જોડેલ છે.

૧) અમારા વીજ જોડાણના વીજ જોડાણમાંથી પાવર ન આવવા બાબત.
૨) અમારા વીજ જોડાણની સર્વિસ બદલવા બાબત.
૩) અમારા વીજ જોડાણનું મીટર બદલવા બાબત.
૪) અમારા સિંગલ ફેઇઝ વીજ જોડાણ નું સ્થળ હંગામી ધોરણે બદલવા બાબત.
૫) આપની કચેરીના કર્મચારી ધ્વારા અમારા ઘરવપરાશનું મીટર બદલેલું હોવાથી આજેપણ મીટરમાં રીડીંગ કરતા વધારે બીલ આપવા બાબત. જુના મીટરના રીડીંગ પ્રમાણે બીલ આપવા બાબત.



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.3 અમારા અગાઉના મીટર નંબર-PGST 02504185 હતું જે આપની કચેરી ધ્વારા બદલી નવું મીટર મુકવામાં આવેલુ છે. હાલ જે મીટર બદલવામાં આવેલું છે તેને લગભગ ૬ માસ થયેલ છે. તેમ છતાં અમારા અગાઉના મીટર નંબરથી અમોને અમોને મીટર બીલ આપવામાં આવે છે.

૧.૪ અમારા અગાઉનું યુનિટ ૦ બતાવીને અમને હાલ ૩૬૮૦-૧૪ આપવામાં આવેલુ. અગાઉના ત્રણ બીલ અને હાલનું બીલ અમોને આપની કચેરી ધ્વારા બાય પોસ્ટ થી મોકલવામાં આવેલું છે. જેની રકમ અમો ભરી શકીએ તેમ નથી. કારણ કે હાલ જે મીટર મુકવામાં આવેલું છે. જેનું રીડીંગ ૬૩૦ યુનિટ ની આસપાસ વપરાયેલ છે.

૧.૫ અગાઉનું બીલ પણ અમોએ ભરપાઈ કરેલ છે તેમ છતાં જુના મીટરમાંથી નવા મીટરની ફેરબદલી કરે અમોએ વપરાશમાં લીધેલ યુનિટ પ્રમાણેનું બીલ આપવામાં આવતું નથી.આ બાબતે અમોએ મૌખિક તથા લેખિત રજૂઆત પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીંબડી ને જાણ કરેલ છે. તેમ છતાં અમોને ઘોર અન્યાય થઇ સકેલ છે. અમો અનુસૂચિત જન જાતી (પઢાર) વર્ગના હોય અભણ અજ્ઞાન હોય. તેથી અમારી રજૂઆત સંભાળવામાં આવતી નથી. અને આપની કચેરી ધ્વારા મનમાની કરવામાં આવેલ છે.

૧.૬ ઉપરોક્ત બાબતોને આપશ્રી ધ્યાને લઇ અમારું નવું મીટરની ચકાસણી કરી વપરાયેલ યુનીટનું બીલ અમોને યોગ્ય રીતે મળી રહે તેવી આપશ્રી સાહેબને નમ્ર અરજ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ વાદીશ્રી ના વીજ જોડાણનું જુનું મીટર ન- PGST 02504185 તા-૧૨.૧૨.૨૦૧૭ ના રોજ બદલાવી નવું મીટર ન- PGST 03650928 લગાવવામાં આવેલ છે. જે મીટર ચેન્જની એન્ટ્રી ઈ-ઉર્જા સી.આર.એમ માં જે તે સમયે કરવાની બાકી હોવાથી સદર વાદીશ્રી નું મીટર બદલાવ્યા બાદના વીજ બીલ તેઓને સ્થળ પર નવા મીટરના રીડીંગ મુજબ આપવામાં આવેલ.

૨.૨ પરંતુ સદર મીટર ચેન્જ ની એન્ટ્રી સી.આર.એમ માં ન લેવાયેલ હોવાથી સદર બીલની ગણતરી “૦” યુનિટ મુજબ કરવામાં આવેલ અને ત્યારબાદ વાદીશ્રી ધ્વારા ભરપાઈ કરવામાં આવેલ રકમ તેઓના બીલમાં જમા આપવામાં આવેલ છે.

૨.3 આથી, તા-૧૩.૦૮.૨૦૧૮ ના રોજ સદર વાદીશ્રીના મીટર ચેન્જની એન્ટ્રી ઈ-ઉર્જા સી.આર.એમ માં કરવામાં આવેલ છે. જેથી હવે પછીના માહે જુલાઈ-ઓગસ્ટ બીલ્ડ ઇન સપ્ટેમ્બર – ૨૦૧૮ ના બીલમાં તેઓને નવા મીટરના યુનિટ મુજબ મીટર બદલાવ્યા તારીખથી પ્રોરેટા મુજબ વિજબીલની ગણતરી કરી બીલ આપવામાં આવશે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી વરજાગભાઈ ઝવેરભાઇ કાનોતરાગામ પરાલી તા. લીંબડીમાં ઘર વપરાશ માટેનું સિંગલ ફેઝ વીજ કનેક્શન ગ્રા.નં. ૨૫૨૧૯/૦૫૧૯૪/૬ થી ધરાવે છે.

૩.૨ વાદીના વીજ સ્થાપન પરનું સિંગલ ફેઝ મીટર પ્રતિવાદી દ્વારા તા. ૧૨.૧૨.૧૭ના રોજ બદલવામાં આવેલ, પરંતુ પ્રતીવાદીએ તેની ઇન્ટરનલ સીઆરએમ એક્ટીવીટીમાં મીટર બદલ્યાની નોંધ ન લેવાથી વાદીને જાન્યુ.-૧૮થી જુલાઈ-૧૮ સુધી મીટરના રીડિંગ મુજબ બિલ આપવામાં આવેલ. તેમજ વાદીને અગાઉના “૦” રીડિંગ બતાવી ૩,૬૮૦/- રૂપિયા નું બિલ આપવામાં આવેલ.

3.3 પ્રતિવાદીના જણાવ્યા મુજબ તા. ૧૩.૦૮.૧૮ના રોજ મીટર ચેન્જ ની એન્ટ્રી ઈ-ઉર્જામાં લેવામાં આવેલ છે તેથી હવે પછી સપ્ટે.-૧૮ થી વાદીને બદલાવેલ મીટર મુજબ વીજબીલ મળશે.

3.૪ પ્રતિવાદી દ્વારા જાન-૧૮ થી જુલાઈ-૧૮ સુધી વાદીના નવા મીટરમાં જે ૬૨૦ રીડિંગનો વપરાશ બતાવ્યો છે તે વપરાશને જાન-૧૮થી જુલાઈ-૧૮ દરમ્યાનના સમયગાળામાં સ્પ્લીટ કરી અને વીજ બિલ આપવું.



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**-:: હુકમ ::-**

- "વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં.૩.૪ મુજબ હુકમ કરવામાં આવે છે."

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| **(બી. જે. દવે)** | **(પી. એચ. માવાણી)** | **(એમ. આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| તારીખ :-૩૧/૦૮/૨૦૧૮ | | **પ.ગુ.વિ.કાં.લી.:ભાવનગર.** |

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.